## અનુસ્નાતક કક્ષાએ

**એમ. એ. :** (૧) ગુજરાતી (૨) હિન્દી (૩) સંસ્કૃત (૪) ગૃહવિજ્ઞાન

**નોંધ :**

૧. એમ. એ. સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૩ ના વર્ગો સવારે ૭-૩૦ થી ૨-૦૦ દરમિયાન અનુસ્નાતક ભવનમાં ચાલે છે.

૨. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત વિષયમાં એમ. ફિલ. તથા ગુજરાતી વિષયમાં પીએચ. ડી.નાં વિષયમાં અભ્યાસ / માર્ગદર્શનની સુવિધા પણ ઉપલબ્ધ છે.

## સ્નાતક કક્ષાએ મૂલ્યાંકન પધ્ધતિ

યુનિવર્સિટીના નિયમો પ્રમાણે ૫૦ ગુણની યુનિવર્સિટી પરીક્ષા વર્ષને અંતે લેવામાં આવે છે. આ ઉપરાંત વર્ષ દરમિયાન બે આંતરિક કસોટીઓ, એસાઈનમેન્ટસ વગેરેના મળી ૨૦ ગુણની આંતરિક મૂલ્યાંકન પધ્ધતિ અમલમાં છે.

૧. દરેક સેમીસ્ટરને અંતે ૫૦ માર્કસની ટેસ્ટ લેવામાં આવે છે. આંતરિક કસોટીમાં ૫૦ ટકાથી વધુ વિષયોમાં પાસ થવું ફરજિયાત છે. એથી ઓછા વિષયમાં પાસ થનારા વિદ્યાર્થીઓને યુનિ. પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. તેમજ આગળના સેમીસ્ટરમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

૨. સ્નાતક કક્ષાએ આંતરિક મૂલ્યાંકન.

| | | |
|---|---|---|
| (i) | કોલેજની આંતરિક મૂલ્યાંકન કસોટી | ૧૦ માર્કસ |
| (ii) | એસાઈનમેન્ટસ | ૦૫ માર્કસ |
| (iii) | હાજરી | ૦૫ માર્કસ |
| | કુલ | ૨૦ માર્કસ |

## અનુસ્નાતક કક્ષાએ મૂલ્યાંકન પધ્ધતિ

અનુસ્નાતક કક્ષાએ સેમીસ્ટર પધ્ધતિ અમલમાં છે જેમાં ૨ વર્ષનાં અભ્યાસ ક્રમમાં કુલ ૪ સેમીસ્ટર વિદ્યાર્થીઓએ ભણવાનાં હોય છે. છ માસના એક સેમીસ્ટરમાં કોલેજ કક્ષાએ એક આંતરીક મુલ્યાંકન કસોટી યોજવામાં આવશે અને સેમીસ્ટરનાં અંતમાં યુનિવર્સિટી તરફથી પરીક્ષા લેવામાં આવશે જેનાં ૫૦ માર્કસ રહેશે. અને ૨૦ માર્કસ આંતરીક મુલ્યાંકનના રહેશે.

**અનુસ્નાતક કક્ષાએ એમ. એ. ભાગ-૧ અને ભાગ-૨ માટે આંતરિક મૂલ્યાંકનના ૨૦ માર્કસ નીચે મુજબ રહેશે.**

| | | |
|---|---|---|
| (i) | કોલેજની આંતરિક મૂલ્યાંકન કસોટી | ૧૦ માર્કસ |
| (ii) | એસાઈનમેન્ટસ | ૦૫ માર્કસ |
| (iii) | હાજરી | ૦૫ માર્કસ |
| | કુલ | ૨૦ માર્કસ |

# હાજરી અને શિસ્તના નિયમો

૧. યુનિવર્સિટીના નિયમ મુજબ દરેક વિદ્યાર્થીએ પ્રથમ અને બીજા સત્રમાં કુલ વ્યાખ્યાનોમાં ઓછામાં ઓછા ૭૫ ટકા વ્યાખ્યાનોમાં હાજરી આપવી ફરજિયાત છે. દરેક સત્રમાં ૭૫ ટકા વ્યાખ્યાનોમાં હાજરીની જોગવાઈમાંથી કોઈને છૂટછાટ આપવામાં આવશે નહીં. ફક્ત માંદગીના કારણસર જરૂરી તબીબી પ્રમાણપત્ર તરત જ રજૂ કરવાથી અપવાદરૂપ કિસ્સામાં આચાર્યશ્રી લઘુત્તમ આવશ્યક હાજરીમાં છૂટછાટ આપશે. ઓછી હાજરી ધરાવતા વિદ્યાર્થીઓને આંતરિક પરીક્ષામાં તેમજ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

૨. દરેક પિરિયડમાં હાજરી લેવાશે. એકપણ તાસમાં ગેરહાજરી હોય તો આખા દિવસની ગેરહાજરી ગણાશે. વર્ગના નિયમિત વ્યાખ્યાનોમાં વ્યાજબી કારણ વિના ગેરહાજર રહેનાર વિદ્યાર્થીનું યુનિવર્સિટી પરીક્ષાનું ફોર્મ ભરવા દેવામાં આવશે નહીં. જો ભરે તો પાછુ ખેંચી લેવામાં આવશે તેની ગંભીરતાથી નોંધ લેવી. ખંડ સમય કે પૂર્ણ સમયની કોઈપણ પ્રકારની નોકરી કરતા ઉમેદવારને કોલેજના કોઈપણ વર્ગમાં નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રવેશ મળશે નહિ.

૩. દરેક પ્રકારની નાણાંકીય લેવડ-દેવડ અંગે કોલેજ તરફથી મુકાતી નોટિસમાં જણાવેલી મર્યાદામાં જ નાણાંકીય લેવડ-દેવડ પતાવવી. આ માટે જરૂરી વિવિધ નાણાંકીય રસીદો વિદ્યાર્થીઓએ જાળવી રાખવી તથા જરૂર પડતાં તે બતાવવી. સમય મર્યાદા પછી આવેલા વિદ્યાર્થીઓને જે કાંઈ નુકશાન થાય તેની જવાબદારી તેમની પોતાની રહેશે.

૪. દરેક વિદ્યાર્થીએ પોતાનું ઓળખપત્ર હંમેશા પોતાની સાથે રાખવું. ઓળખપત્ર વિનાના વિદ્યાર્થીને વર્ગો ભરવાની કે કોલેજનીઅન્ય પ્રવૃત્તિમાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે નહીં. ઓળખપત્ર જોવા/તપાસવા માંગે ત્યારે બતાવવું આવશ્યક છે.

૫. કોલેજની બહારની વ્યક્તિને કોલેજમાં કોઈપણ વિદ્યાર્થીએ લાવવી નહીં. આ સૂચનાનો ભંગ કરનારને રૂ. ૧૦૦/- નો દંડ કરવામાં આવશે.

૬. કોલેજ કે કોલેજ બહાર કોલેજની શાખને વાંધો આવે તેવું કોઈપણ વર્તન કરનાર વિદ્યાર્થીને શિક્ષા કરવામાં આવશે.

૭. કોલેજ કેમ્પસની માલ-મિલકતને કોઈપણ પ્રકારનું નુકશાન કરનાર વિદ્યાર્થી સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

૮. કોલેજના નોટિસ બોર્ડ ઉપર મુકાતી દરેક નોટિસ વિદ્યાર્થીઓએ રોજેરોજ વાંચવી અને તેનો સમયસર અમલ કરવો. વર્ગમાં નોટિસો ફેરવવામાં આવતી નથી. તેની ખાસ નોંધ લેવી.

૯. કોલેજમાં સહશૈક્ષણિક અને બિનશૈક્ષણિક પ્રવૃતિઓના આયોજન અને અમલ માટે યુનિવર્સિટીના નિયમો પ્રમાણે વિદ્યાર્થી સંઘની રચના કરવામાં આવે છે.

૧૦. કોલેજમાં અભ્યાસ કરતા કોઈપણ વિદ્યાર્થીએ મોબાઈલ ફોન સાથે લાવવો નહીં.

૧૧. વ્યાખ્યાન સમયે વિદ્યાર્થીઓએ લોબીમાં બહાર ફરવું નહીં.

૧૨. કોલેજ ઓફિસ સાથેની તમામ માંગણી માટે રિશેષમાં લેખિત અરજી કરવાની રહેશે.

૧૩. કોઈપણ વિદ્યાર્થીએ રજા લીધા વિના ઓફિસમાં દાખલ થવું નહીં.

૧૪. કોલેજ સાથેના પત્ર વ્યવહારમાં જવાબ મેળવવા માટે લખનારે પોસ્ટેજ સહિત પોતાનું સરનામું જણાવવું જરૂરી છે.

૧૫. કોલેજમાં ધુમ્રપાન કે માવો-પાન ખાવાની સખત મનાઈ છે.

૧૬. કોલેજમાં યુનિવર્સિટીના નિયમ મુજબ વિવિધ ડે ઉજવવામાં આવશે. બહારની મ્યુઝીકલ પાર્ટીના કાર્યક્રમો રાખવા દેવામાં આવશે નહીં. **DJ** પાર્ટી પર પ્રતિબંધ છે.

૧૭. પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતિ આચરનાર વિદ્યાર્થી દંડ કે સજાને પાત્ર ઠરશે અને તેને ત્યાર પછી યુનિ. જાહેરનામા મુજબ પ્રવેશ મળશે.

૧૮. કોલેજ કાર્યાલયમાં કામ માટે સવારે ૧૦-૦૦ પછી જ મળવું.

૧૯. આચાર્યશ્રીને મળતા પહેલાં કોલેજ-કાર્યાલયનો સંપર્ક કરવો. ત્યારબાદ જરૂર જણાય તો જ સવારે ૧૦ થી ૧૨ વચ્ચે મળી શકાશે.

૨૦. વાહનોનું પાર્કીંગ કોલેજે નક્કી કરેલ પાર્કીંગ ઝોનમાં જ કરવાનું રહેશે.

૨૧. યુનિવર્સિટીના નિયમ મુજબ ઈન્ટરનલ પરીક્ષામાં ૫૦ ટકા કરતા વધુ હેડમાં નાપાસ થનાર વિદ્યાર્થીની યુનિવર્સિટી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં તથા આગળના સત્રમાં પ્રવેશ પાત્ર રહેશે નહીં.



PRINT AT : SHAH PRINTS PVT. LTD. 9375838177/55